<table>
<tr><td rowspan="5">GJBK190013382024</td><td>કેસ દાખલ તારીખ</td><td colspan="3">૧૧/૦૩/૨૦૨૫</td></tr>
<tr><td>કેસ નોંધ્યા તારીખ</td><td colspan="3">૧૧/૦૩/૨૦૨૫</td></tr>
<tr><td>કેસ ફેસલ તારીખ</td><td colspan="3">૦૯/૦૬/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૧</td><td>૦૨</td><td>૨૮</td></tr>
</table>

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRI) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A – અન્વયેના નોટિફિકેશન નંબર C-2001-93 તા 20-05-2022 ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**બનાસકાંઠા જિલ્લાના ચોથા એડિશ્નલ સેસન્સ એન્ડ સ્પે.પોકસો જજ શ્રી આર.ડી.પાંડે સાહેબની કોર્ટમાં, મુકામ : દિયોદર**

**સ્પે.પોકસો કેસ નં.૦૨/૨૦૨૫**
**આંક-૪૬**

**( ફોર્મ-'એ' )**

| **એફ.આઇ.આર.ની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| પોલીસ સ્ટેશન | ભાભર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૧૯૫૦૦૭૨૫૦૦૧૯/૨૦૨૫ |
| આક્ષેપિત ગુનાની વિગત | બી.એન.એસ. એકટની કલમ-૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૧(૩) તથા પોકસો એકટ કલમ-૪, ૬ |
| ફરિયાદી | શ્રી સરકાર<br>મૂળ ફરિયાદી :- ભોગ બનનારના માતા |
| ફરિયાદપક્ષ તરફે વિ.વકીલશ્રી | વિ.એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોર |
| આરોપી | કિશનભાઇ હરજીભાઈ રાઠોડ (ઠાકોર)<br>ઉ.વ.૨૧, ધંધો-ખેતમજૂરી કામ<br>રહે.ઇન્દરવા નવા, તા.ભાભર, જી.બનાસકાંઠા. |
| આરોપી તરફે વિ.વકીલ શ્રી | આર.એચ.ઠકકર |

## ( ફોર્મ -'બી' )

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૫/૦૧/૨૦૨૫ |
| ફરિયાદ જાહેર કર્યા તારીખ | ૧૧/૦૧/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ | ૧૧/૦૩/૨૦૨૫ |
| કેસ કમીટ કર્યા તારીખ | --- |
| પ્લી તહોમતનામું ફરમાવ્યા તારીખ | ૦૯/૦૬/૨૦૨૫ |
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ | ૨૩/૦૬/૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | **૩૦/૦૫/૨૦૨૬** |
| ચુકાદા તારીખ | **૦૯/૦૬/૨૦૨૬** |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ (જો હોય તો) | - |

## આરોપીની વિગત

| ક્રમ નંબર | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | આરોપી સામેનો ગુનો | સજા આપેલ કે નિર્દોષ છોડેલ | લાદવામાં આવેલી સજા | આરોપી ટ્રાયલ દરમ્યાન કેટલો સમય સમય જેલમાં રહેલા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કિશનભાઇ હરજીભાઈ રાઠોડ (ઠાકોર) | ૨૨/૦૧ /૨૦૨૫ | જામીન મુકત | આઇ.પી.સી. એકટ કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ)(એફ), તથા પોકસો એકટ કલમ-૪,૬ | **નિર્દોષ** | -- | |

## ( ફોર્મ -'સી' )

ફરિયાદપક્ષ / બચાવ પક્ષ / કોર્ટ સાહેદોનું લીસ્ટ

(એ) પ્રોસીકયુશન તરફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

| સા.નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ભોગ બનનારના માતા | ફરિયાદી (માતા સાહેદ) | ૦૯ |
| ૨ | ભોગ બનનાર | ભોગ બનનાર સાહેદ | ૧૨ |
| ૩ | ભોગ બનનારના પિતા | ભોગ બનનારના પિતા સાહેદ | ૧૪ |
| ૪ | ડો.પ્રમોદકુમાર હરીરામ પંડ્યા | મેડી.ઓફિસર સી.એચ.સી. ભાભર | ૧૫ |
| ૫ | ડો.વિકાસ જયેશભાઇ મિસ્ત્રી | મેડી.ઓફિસર સી.એચ.સી. ભાભર | ૧૭ |
| ૬ | ડો.અલકા ઉમેશ ઝવેરી | મેડી.ઓફિસર સિવિલ હોસ્પિટલ પાલનપુર | ૧૯ |
| ૭ | મહેશભાઇ નારણભાઇ પરમાર | બનાવવાળી જગ્યા (ઇન્દરવા ગામસીમ)પંચનામાના પંચસાહેદ | ૨૨ |
| ૮ | ભરતભાઇ ખેમાભાઇ દેસાઇ | આરોપીના કપડાં રીકવરી પંચસાહેદ | ૨૮ |
| ૯ | પ્રકાશભાઇ નટવરભાઇ પરમાર | ઇન્દરવા પ્રા.શાળાના આચાર્ય | ૩૨ |
| ૧૦ | રાયમલભાઇ મોટાભાઇ પટેલ | તપાસ કરનાર અધિકારી | ૩૫ |
| ૧૧ | નરેશ કાળુભાઇ વીંઝુડા | તપાસ કરનાર અધિકારી | ૩૮ |

## (બી) બચાવ પક્ષના સાહેદોનું લીસ્ટ

| સાહેદ નંબર | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| - | કોઇ સાહેદ તપાસેલ નથી. | - | - |

## (સી) કોર્ટ સાહેદોનું લીસ્ટ

| કોર્ટ સાહેદ નં. | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| – | કોઇ સાહેદ તપાસેલ નથી. | – | – |

## ફરિયાદ પક્ષ /બચાવ પક્ષ /અદાલતના આંકે પડેલ દસ્તાવેજોનું લીસ્ટ

**પ્રોસીકયુશન તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૦ |

| | | |
|---|---|---|
| ૨ | બી.એન.એસ.એસ. એકટ કલમ-૧૮૩ મુજબનું નિવેદન | ૧૩ |
| ૩ | આરોપીનું મેડિકલ સર્ટિફિકેટ | ૧૬ |
| ૪ | ભોગ બનનારનું મેડિકલ સર્ટિફીકેટ | ૧૮ |
| ૫ | રીફરચીટ | ૨૦ |
| ૬ | ભોગ બનનારનું મેડિકલ સર્ટિફિકેટ તથા ગાયનેકોલોજિસ્ટનો અભિપ્રાય | ૨૧ |
| ૭ | બનાવવાળી જગ્યાનું પંચનામું (ઇન્દરવા ગામ સીમ) પંચનામા | ૨૩ |
| ૮ | ભોગ બનનારનું શરીરસ્થિતિ-કપડાં કબજે કરેલાનું પંચનામું | ૨૪ |
| ૯ | પંચોની સહી વાળી પંચ સ્લીપો | ૨૫ થી ૨૭ |
| ૧૦ | આરોપીનું શરીરસ્થિતિ-કપડાં કબજે કરેલાનું પંચનામું | ૨૯ |
| ૧૧ | પંચોની સહી વાળી પંચ સ્લીપો | ૩૦, ૩૧ |
| ૧૨ | ભોગ બનનારના શાળાનું પ્રમાણપત્ર (ઇન્દરવા નવા) | ૩૪ |
| ૧૩ | શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ | ૩૪ |
| ૧૪ | ગુનાનુ સૂચિપત્રક | ૩૬ |
| ૧૫ | ફરિયાદ ગુનો રજીસ્ટર લેવાનો રીપોર્ટ | ૩૭ |
| ૧૬ | બી.એન.એસ.એસ. એકટ કલમ-૧૮૩ મુજબનું નિવેદન લેવા કરેલ યાદી (ભાભર કોર્ટ) | ૩૯ |
| ૧૭ | એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ નીરીક્ષણ અહેવાલ | ૪૦ |
| ૧૮ | મુદ્દામાલ રવાનગી નોંધ | ૪૧ |
| ૧૮ | એફ.એસ.એલ. કચેરીને મુદ્દામાલ મળ્યા અંગેની પાવતી | ૪૨ |
| ૧૯ | એફ.એસ.એલ. સર્ટિફિકેટ મોકલ્યા અંગેની પાવતી | ૪૩ |
| ૨૦ | એફ.એસ.એલ. સર્ટિફિકેટ | ૪૪ |

(બી) બચાવ પક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવો :-

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | - | --- |

**-: ચુકાદો :-**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ ભાભર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૧૯૫૦૦૭૨૫૦૦૧૯/૨૦૨૫, બી.એન.એસ.એકટની કલમ-૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૧(૩) તથા બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪, ૬ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ તપાસનીશ પોલીસ અધિકારીએ તપાસના અંતે અત્રેની કોર્ટમાં રજૂ કરતાં, સદરે ચાર્જશીટ ઉપરોકત કેસ નંબરથી અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે અને સદરે કેસમાં અત્રેની અદાલત દ્વારા પુરાવો નોંધી હાલનો ઠરાવ આપી તે રીતે સદરતેઓ કેસનો નિર્ણય અને નિકાલ કરેલ છે.

(૨) આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી જે ભોગ બનનારની માતા છે. તેઓએ ફરિયાદ હકીકતમાં જણાવેલ છે કે, તેમને ત્રણ સંતાનો છે. જે ત્રણેય સંતોનોના લગ્ન બાકી છે તેઓ બધા સંયુકત કુટુંબમાં રહે છે. તેમની ભોગ બનનાર દિકરી જે ઉ.વ.૧૫, ૦૪ મહિના, ૦૯ દિવસની છે. તેણીની જન્મ તારીખ ૦૨/૦૯/૨૦૦૯ છે. ગઇ તા.૦૫/૦૧/૨૦૨૫ ના રોજ ફરિયાદી તથા તેમના પતિ તેમજ તેમની ભોગ બનનાર દિકરી ખેતરમાં કામ કરતા હતા અને સવારના આશરે અગિયાર વાગ્યાના અરસામાં તેમની દિકરી ખેતર માંથી ચારો લઈને ખેતરમાં આવેલ તેમના ઘરે ચારો નાંખવા માટે ગયેલ હતી. ત્યારે ફરિયાદી તથા તેમના પતિ ખેતરમાં કામ કરતા હતા. આ વખતે તેમની દિકરી જલ્દી ચારાનો ભારો નાંખીને પરત આવેલ નહી. આથી, ફરિયાદી ખેતરમાંથી ચારાનો ભારો લઈને તેમના ઘરે નાખવા ગયેલ. આ વખતે ઘરે જઇને જોયેલ તો તેમની દિકરી દેખાયેલ નહીં. આથી તેઓએ આજુ-બાજુમાં તપાસ તેમજ દિકરીના નામની બૂમાબૂમ કરેલ. પરંતુ, દિકરીની ભાળ મળેલ નહી અને આ વખતે ફરિયાદી તેમના ઘરે ગયેલ અને ઘરનો દરવાજો ખોલીને જોયેલ તો તેમના ઘરની અંદરના ભાગે તેમના ગામનો કિશનજી હરજીભાઈ ઠાકોર(આરોપી) રહે.ઇન્દરવા નવા તા.ભાભર જે તેના કપડાં કાઢીને તેમની દિકરીના ઉપર સૂતેલ હતો.

આથી, તેમણે બૂમા-બૂમ કરતાં, તે તેમના ઘરેથી નાસી ગયેલ અને તેમના પતિ દોડીને ઘરે આવેલ અને તેઓને આ બાબતે વાત કરેલ. આ વખતે ફરિયાદીને તેમના પતિએ તેમની ભોગ બનનાર દિકરીની પૂછપરછ કરવા કહેતાં, ફરિયાદીએ ભોગ બનનાર દિકરીને આ બનાવ બાબતે પૂછતાં તે એકદમ ગભરાઇ ગયેલ અને રડવા લાગેલ. ત્યારે તેમણે તેને વિશ્વાસમાં લેતાં, ભોગ બનનારે જણાવેલ કે, "આ કિશન અવાર-નવાર આપણા ઘરે આવતો હોય અને આજથી છ-એક મહિના પહેલાં તમે કોઇ ઘરે હાજર ન હતા. આ વખતે કિશન આપણા ઘરે આવેલ, અને મને આપણા ઘરમાં લઈ ગયેલ, અને ત્યારે તેણે મને નીચે પાડી દીધેલ, અને મારી સાથે મારી મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધેલ હતો. ત્યારે મે તેને આવું નહીં કરવાનું કહેલ ત્યારે તેણે મારી સાથેના તેના ફોટાઓ અને વીડિયો ઉતારેલ અને તેણે મને કહેલ કે, જો તું આ વાત કોઇને કરી છે તો, હું તારા બન્ને ભાઈઓને જાનથી મારી નાખીશ, અને હું તારા આ ફોટા અને વીડિયો વોટસએપ ગૃપ વાયરલ કરી નાંખીશ. તેવી ધમકી આપેલ. જે બાબતે તેણીએ કોઇને વાત કરેલ ન હતી. ત્યારબાદ તમો જયારે ખેતરમાં કામથી કે ક્યાંય બહાર ગયેલ હોવ ત્યારે તે દર બે-ત્રણ દિવસે અવાર-નવાર આપણા ઘરે આવીને મારી સાથે મારી મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધતો હતો. હું આમ નહીં કરવા જણાવતી, તો તે મારા બન્ને ભાઈઓને મારી નાંખવાની અને મારા ફોટાઓ તથા વીડિયો સમાજમાં વોટ્સએપ ગૃપમાં વાયરલ કરી, મને બદનામ કરી નાંખશે. તેવી ધમકી આપતો હતો. આથી હું ડરીને આ બાબતે કોઇને વાત કરેલ ન હતી. આજ-રોજ તમે ખેતરમાં ચારો લેતા હતા અને હું આપણા ઘરે ચારો નાખવા માટે આવેલ આ વખતે આ કિશન આપણા ઘરે આવેલ અને મને પકડીને આપણા ઘરમાં લઇ આવેલ હતો. ત્યારે મે બૂમાબૂમ કરવા જતાં, તેણે મારૂ મોઢુ દબાવી રાખેલ, અને મને મારા ફોટાઓ વાયરલ કરી નાખવા માટે ધમકી આપેલ. અને મારી સાથે જબરજસ્તીથી, મારી મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધેલ." તેવી હકીકત

ફરિયાદીને તેમની ભોગ બનનાર દિકરીએ વાત કરેલ. આથી, આ બાબતે તેમણે તેમના પતિને વાત કરેલ અને અમારી સમાજમાં બદનામી ના થાય તે માટે તેમના પતિએ આ કિશન(આરોપી) ના માતા-પિતાને આ બાબતે વાત કરી તેમના દિકરાને સમજાવવા જણાવેલ. આથી, આ કિશનના માતા-પિતાએ તેમને કહેલ કે, 'અમારો દિકરો કિશન અમારા કહેવામાં નથી ' તેવુ જણાવેલ. આથી, તેઓએ આ બાબતે તેમના સમાજના આગેવાનો ને વાતચીત કરતાં, સમાજના આગેવાનો તેમના ઘરે આવેલ. અને આ બાબતે તેઓને સમાધાનની વાતચીત કરેલ અને તેઓને સમાધાન કરવા આજ-દીન સુધી કહેલ. પરંતુ, તેમના પતિએ આ બાબતે સમાધાન કરવાની ના કહેતાં ફરિયાદી, તેમના પતિ, xxxx ઠાકોર તથા તેમના નણંદ xxx ઠાકોર તથા xxxx અન્ય સાથે ભાભર પોલીસ સ્ટેશન સમક્ષ આરોપી કિશનજી હરજીભાઈ જાતે ઠાકોર રહે.ઇન્દરવા નવા તા.ભાભર વાળો જે ફરિયાદી ની દીકરી ઉ.વ.૧૫ ૦૪ માસ, ૦૯ દિવસની જે સગીરવયની હોવાનું જાણતો હોવા છતાં, તેમની દીકરીને તેમના દિકરાઓને જાનથી મારી નાખવાની ધમકી તથા તેના ફોટાઓ તથા વીડિયો વોટસએપ ગૃપમાં વાયરલ કરી નાખવાની ધમકી આપી, તેની સાથે તેની મરજી વિરુદ્ધ જબરદસ્તીથી અવાર-નવાર શરીર સંબંધ બાંધેલ હોય આરોપી વિરુદ્ધ ધોરણસર તપાસ થવા પો.ઇન્સ. એન.કે. વિંઝુડા ભાભર પોલીસ સ્ટેશન સમક્ષ ફરિયાદ હકીકત જાહેર કરેલ. જે ફરિયાદ આપતી વખતે ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ છે.

(૩) ઉપરોકત મતલબની ફરિયાદી દ્વારા ફરિયાદ આપતાં, ફરજ પરના પી.એસ.ઓ. શ્રીએ ઉપરોકત રજીસ્ટરથી ગુનો દાખલ કરી, આગળની તપાસ ત.ક.અમલદારને સોંપતાં, તેઓએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ, ભોગ બનનાર તથા આરોપીની શરીરસ્થિતિનું પંચનામું કરી, બનાવ વખતે પહેરેલ ભોગ બનનાર તથા આરોપીના કપડાં પો.સ્ટે.થી પંચો રૂબરૂ

કબજે કરેલ, પોલીસે મેડિકલ ઓફિસરશ્રીના મેડિકલ સર્ટિફિકેટ કબજે કરેલ, ભોગ બનનારના મેડિકલ સર્ટિફિકેટ મેળવેલ, આરોપી તથા ભોગ બનનારનું મેડિકલ પરીક્ષણ કરાવેલ અને ઉંમર અંગેનો રેડિયોલોજિસ્ટ, ડેન્ટલ તથા ગાયનેકોલોજિસ્ટનો સંયુકત અભિપ્રાય મેળવેલ, બી.એન.એસ.એસ એકટની કલમ-૧૮૩ મુજબનું નિવેદન લેવડાવેલ, મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલી આપેલ. વધુમાં, તેઓએ સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો, પંચોના લખાવ્યા મુજબ પંચનામા લખેલા તથા આરોપી વિરુદ્ધ પુરતા પુરાવા મળી આવતાં, સદર ગુનાનું ત.ક.અમલદારે ચાર્જશીટ અત્રેની કોર્ટમાં કરેલ છે.

(૪) ત્યારબાદ, આરોપી મુદતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં, આરોપીને **બી.એન.એસ.એસ. એકટ કલમ-૨૩૦** મુજબ પોલીસ તપાસના પેપર્સ પૂરા પાડી, તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ આરોપી સામે આંક-૦૭ થી ગુનાનું તહોમતનામું ફરમાવી આરોપીને વાંચી, સંભળાવી આંક-૦૮ થી નિવેદન લેવામાં આવેલ. જે નિવેદનમાં આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતાં આરોપી વિરુદ્ધ સદર ગુનાની ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી. શ્રી દ્વારા આંક-૪૫ થી પુરાવા બંધની પુરસીસ રજૂ કરતાં ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો છે.

(૬) ફરિયાદપક્ષે પુરાવો પૂર્ણ થતાં, **બી.એન.એસ.એસ.એકટ કલમ-૩૫૧** મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલુ. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે. આરોપી સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી અને કેસ અંગે આરોપીએ વિશેષ જવાબમાં જણાવેલ છે કે, "અમો

આરોપી ગરીબ માણસ છીએ. ગુનાના કામે કોઇ હકીકત જાણતા નથી અમો નિર્દોષ હોય." નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૭) ત્યારબાદ, **બી.એન.એસ.એસ.એકટ કલમ-૩૫૨** હેઠળ ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી ડી.વી.ઠાકોરની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ, આરોપી તરફે વિ.વકીલશ્રી આર.એચ.ઠકકરની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેની ચર્ચા કારણોના પેરામાં વિસ્તારથી કરેલ છે.

(૮) બંને પક્ષકારોની દલીલો, રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઉપરથી હાલના કેસના ન્યાયિક નિર્ણય તથા નિકાલ અર્થે નીચે જણાવ્યા પ્રમાણેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૫/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧.૦૦ વાગ્યાના અરસામાં ફરિયાદીની દીકરી/ભોગ બનનાર દીકરી જે સગીર વયની હોવા છતાં, ભોગ બનનારની સાથે લગ્ન કરવાના ઇરાદે ભોગ બનનારને લલચાવી, ફોસલાવી, ડરાવી-ધમકાવી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, ભોગ બનનારની સાથે તેણીની મરજી વિરુદ્ધ અવાર-નવાર શારીરિક સંબંધ બાંધી (બળાત્કાર) કરી બી.એન.એસ. એકટની કલમ-૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ -૪, ૬ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો આ અદાલતની હકૂમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણય અને કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

## -:: <u>ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો</u> ::-

**<u>કાયદાકીય સ્થિતિ :-</u>**

**(૧૦)** આરોપી સામે પોકસો એકટ અન્વયેના ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ હોય પુરાવાની ચર્ચા કરતાં પહેલા પોકસો એકટની કલમ-૨૯ અને ૩૦ ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે.

**કલમ-૨૯. નિશ્ચિત ગુનાઓ માટે અનુમાન (Presumption as to certain offences).-**

જ્યારે કોઈ વ્યકિત સામે આ અધિનિયમની કલમ-૩, ૫, ૭ અને કલમ-૯ અન્વયેનો કોઈપણ ગુનો કરવાનો અથવા મદદ કરવાનો અથવા પ્રયત્ન કરવાની કાનૂની કાર્યવાહી કરવામાં આવી હોય ત્યારે, વિશેષ અદાલત, કિસ્સાનુસાર, આવી વ્યકિતએ ગુનો કર્યો અથવા મદદગારી કરી અથવા પ્રયત્ન કર્યો છે એવું અનુમાન કરશે સિવાય કે તેનાથી વિરુદ્ધનું પુરવાર કરવામાં આવે.

**કલમ-૩૦. દોષીની માનસિક સ્થિતિ અંગે અનુમાન (Presumption of culpable mental state).-**

(૧) આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના માટેની કોઈપણ કાનૂની કાર્યવાહી માટે આરોપીની દોષી માનસિક સ્થિતિ આવશ્યક હોય, ત્યાં વિશેષ અદાલત આવી માનસિક સ્થિતિ અસ્તિત્વમાં છે તેવું અનુમાન કરશે પરંતુ, આરોપીને પોતાના બચાવમાં એ હકીકત સાબિત કરવી પડશે કે તેની માનસિક સ્થિતિ સાથે તહોમત મૂકવામાં આવેલ ગુના કે જેની કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે, તેની સાથે કોઈ સંબંધ નથી.

(૨) આ કલમના ઉદ્દેશસર, હકીકત ત્યારે જ સાબિત થયેલી ગણાશે કે જયારે વિશેષ અદાલત તેનું અસ્તિત્વ વાજબી શંકાથી પર માને અને નહી કે તેનું અસ્તિત્વ સંભાવી સંહિતાની કલમ-૨૩૫(૧) મુજબ નિર્દોષ

ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવનાની પ્રબળતાના આધારે સ્થાપિત કરવામાં આવેલ હોય.

ખુલાસો : આ કલમમાં, "દોષિત માનસિક સ્થિતિ" ની અંદર ઈરાદો, ઉદ્દેશ (Motive), હકીકતની જાણકારી અને હકીકતમાં વિશ્વાસ, અથવા હકીકતને માનવાને કારણ હતું તેનો સમાવેશ થાય છે.

(૧૧) આમ, પોકસો એકટની કલમ-૨૯ ની જોગવાઈ જોતાં કોઈ પણ વ્યકિત સામે પોકસો એકટની કલમ-૩, ૫, ૭ અને કલમ-૯ અન્વયેનો કોઈપણ ગુના માટેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવતી હોય ત્યારે આ કલમમાં જણાવ્યા મુજબનું અનુમાન અદાલતે કરવાનું રહે છે. તેમજ, પોકસો એકટની કલમ-૩૦ ની જોગવાઈ જોતાં કોઈ પણ વ્યકિત સામે પોકસો એકટ અન્વયેના કોઈપણ ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવતી હોય ત્યારે તે વ્યકિત દોષી માનસિક સ્થિતિ ધરાવતો હતો તેવું અનુમાન અદાલતે કરવાનું રહે છે.

૧૧/૧) પોકસો એકટની કલમ-૨૯ અને કલમ-૩૦ અન્વયે અદાલતને અનુમાન કરવાની જે જોગવાઈ કરેલી છે તે જોતાં નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલતોના કેટલાક ચુકાદા ધ્યાને લેવા જરૂરી બની રહે છે. નામદાર સુપ્રિમ કોર્ટે **'કાલીરામ વિ.સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ' (૧૯૭૩) (૨) એસસીસી.૮૦૮** ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં જે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનું હોય છે અને જયાં સુધી તે અનુમાનનું ફરિયાદપક્ષ પુરાવા રજૂ કરીને ખંડન ન કરે ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપી તકસીરવાન છે, તે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. અને જયાં સુધી ફરિયાદપક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહિ. વધુમાં કોઈ ખાસ પ્રકારના

કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવું અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કિસ્સામાં જયાં સુધી ફરિયાદપક્ષ તે સંદર્ભેની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવું અનુમાન કરી શકાય નહિ. વધુમાં, જો ફરિયાદ પક્ષ તે હકીકત પુરવાર કરે ત્યારબાદ આરોપી વિરુદ્ધનું અનુમાન શરુ થાય છે અને આરોપીએ તે અનુમાનને ખંડન કરતો પુરાવો રજૂ કરવાનો હોય છે. આરોપી ઉપર પણ તે હકીકતોનું ખંડન કરતો પુરાવો રજૂ કરવા સંદર્ભે સાબિતીનું ધોરણ પ્રબળતાની સંભવિતતાના સિદ્ધાંતો મુજબનું હોય છે.

૧૧/૨) નામદાર ગુજરાત હાઇકોર્ટે **Ajitkumar Kumarsinh Bhagora Vs. State Of Gujarat 2020 (1) GLR 27** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 44. Although a presumption under Section 29 of the POCSO Act arises and it is presumed that the accused has committed the offence for which he is charged under the said Act, unless the contrary is proved, such a presumption cannot be absolute. Therefore, there can be no doubt about the proposition that no presumption is absolute and that every presumption is rebuttable.

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ કલમ- ૨૯ નું અનુમાન ખંડનાત્મક અનુમાન છે.

૧૧/૩) નામદાર કર્ણાટક હાઇકોર્ટે તેમના **G.S.Venkatesh S/o Narayanaswamy VS State of Karnataka [2020] 0 Supreme(Kar) 68** ના ચુકાદામાં નોંધેલ છે કે,

38. The use of expression “unless the contrary is proved” appearing in section 29 makes it clear that the presumption raised under this section is rebuttable. A rebuttable presumption can be raised only when the foundational facts constituting the offence are established by the prosecution. In a criminal trial, the burden of proving everything essential to the establishment of the charge against the accused always rests on the prosecution, as every man is presumed to be innocent until the contrary is proved. In a case where an offence is committed against a child, having regard to the very nature of the offence where it is difficult for the prosecution to prove the facts and circumstances in which the offence had taken place, the Act has cast the burden on the accused to prove the facts within his knowledge as it is easier for the innocent accused to produce evidence contrary to the case proved by the prosecution. This is called reverse burden whereby the burden is shifted to the accused to disprove the facts established by the prosecution. The question of discharging the reverse burden by the accused would arise only when the initial burden cast on the prosecution is discharged to the satisfaction of the court. Therefore it follows that without the proof of basic facts constituting the offence charged against the accused, the accused

cannot be called upon to disprove the case of the prosecution.

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ છે કે, ખંડનાત્મક અનુમાન ત્યારે જ અસ્તિત્વમાં આવે કે જયારે ફરીયાદ પક્ષ પાયાની હકીકતો પુરવાર કરે. વધુમાં, જયાં સુધી જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે તેની પાયાની હકીકતો ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી ફરિયાદ પક્ષની તે હકીકતો નાસાબિત કરવા આરોપીને કહી શકાય નહીં.

૧૧/૪) નામદાર ગૌહાટી હાઇકોર્ટે તેમના **Crl. Appeal (J) 87/2017 Bhupen Kalita Vs State of Assam** ના ચુકાદામાં પોકસો એકટની કલમ-૨૯ ના અનુમાન અંગેની વિસ્તૃત ચર્ચા કરતાં નોંધેલ છે કે,

14. In view of the aforesaid provision for reverse burden cast upon an accused, the natural question which will arise, in such cases, is to what extent the prosecution will be required to prove the charge against the accused. Because of the reverse burden imposed upon an accused charged of certain offences mentioned in the Act, is the prosecution still obligated to prove the charge against the accused beyond all reasonable doubts or is the charge to be proved on the basis of preponderance of probability or is the prosecution to make merely a prima facie case, since the wording of Section 29 is that once a person is prosecuted for any offence under Sections 3, 5, 7

and 9 of the Act, the Special Court shall presume that such person has committed the said offence unless the contrary is proved ?

Accordingly, the Court has to examine the degree of the onus cast upon the prosecution to prove the case against an accused under this Act and the corresponding degree of onus on the part of the accused to discharge the reverse burden of proving his innocence.

15. The answer to this, however, is not as simple as it may appear to be, for the reason that the maxim that an accused shall be presumed to be innocent until proven guilty and the charge must be proved beyond reasonable doubt, is part of the classical legal legacy and now so deeply entrenched in the jurisprudence of societies governed by rule of law. In view of the above long held legal tradition, the burden on the part of the prosecution to prove the case against an accused under the Act and the corresponding burden of the accused to discharge the presumption placed upon him is to be examined.

X X X X

35. In the opinion of this Court, there would be a paradigm shift in the matter of burden of proof and the degree of proof because of the stringent provisions of the POCSO Act. Unlike other

statutes, some of which have been already referred to above, Section 29 of the Act does not speak of proof of any foundational fact before the Court presumes that the accused is guilty of the offence. What Section 29 provides is that the presumption will come into operation, as soon as a person is prosecuted for committing or abetting or attempting to, any offence under Sections 3, 5, 7 and 9 of the Act. In other words, what is required before presumption operates under the Act is that, the person must be prosecuted.

X X X X

46. It is to be noted that neither the POCSO Act nor the CrPC defines as to the meaning of the words "prosecuted" and when a prosecution can be said to commence. Under the circumstances, as to when a person is prosecuted or when the prosecution commences has to be understood in the context of the Act and the provisions of the CrPC. As discussed above, it can be said that that a trial commences not from the date of filing of FIR or the charge-sheet or taking of cognizance by the court but from the stage of framing of charge. Prosecution can thus be said to commence from that stage when the court starts applying its mind regarding the culpability of the accused, that is, when the proper judicial consideration of the guilt or otherwise of the accused begins.

X X X X

49. Presumption under Section 29 being a legal presumption. If the aforesaid literal interpretation is to be adopted, it will start operating the moment a person is prosecuted which is understood to commence with the framing of charges, without there being any recording of evidence, other than the records produced by the prosecution for the purpose of framing of charge. <u>If it is held to be so, obviously, it will lead to serious prejudices against innocent persons who may be falsely implicated merely on the basis of the materials at the stage of framing of charge, and thus be saddled with the onerous burden of proving himself innocent. Neither common-sense nor law contemplates such a situation. Such a position would be untenable and impermissible in the light of the law discussed above and will also fall foul of the Constitution. The prosecution needs to do more than merely filing the charge-sheet which merely indicates prima facie case against the accused.</u>

As such, this literal interpretation is to be eschewed. Yet, at the same time the language of the statute ought to be also given effect to, as the statute had been specifically enacted to deal with increasing and rising heinous crimes committed on helpless and vulnerable children. Thus, a more

pragmatic and workable meaning has to be assigned to the provision of Section 29 of the Act.

50. It goes without saying that when a person is brought to trial, there must be cogent material evidences against him as gathered during the investigation, which would constitute a prima facie case against the accused, on the basis of which the charge is framed. However, merely because a prima facie case has been made out against the accused and the accused is charge-sheeted, it cannot be the basis for drawing a presumption of guilt against the accused as also held in Amit Kapoor (supra). There must be cogent and relevant materials and evidences of a high probability indicating commission of such crime by the accused so as to avoid any innocent person being hauled up in a criminal trial. At the same time, if during the trial the prosecution is able to prove the case against the accused beyond reasonable doubt, there would be no need to apply the principle of presumption against an accused as mentioned in Section 29 of the Act, in which event, Section 29 would become redundant, which is not contemplated under the Act.

Hence, for the purpose of POCSO Act, for the presumption to come into play, at the stage of filing of charge-sheet, a person cannot be said to be prosecuted. It is only after the cogent evidences

have been adduced by the prosecution that the accused can be said to be prosecuted for the purpose of invoking the legal presumption under Section 29 of the Act. Presumption will start operating only on the conclusion of the recording of evidence of the prosecution when the prosecution is able to make out a highly probable case on the basis of preponderance of probability.

61. It may be noted that if the prosecution has to prove the charge against the accused beyond reasonable doubt in cases under the POCSO Act, there would not be any need to provide for the provision of presumption of guilt. This legal presumption of guilt has been incorporated by the Parliament in the statute considering difficulties faced by the investigating authorities sometimes in marshalling all the relevant evidences in order to nail the culprit where there is otherwise overwhelming inputs about the crime being perpetrated by the accused, but may fall short of some evidences to prove the case beyond reasonable doubt. The statutory presumption under Section 29 of the Act thus gives a cover to the prosecution for any lacuna or deficiency it may have. But for the presumption of guilt provided under Section 29 of the Act, the prosecution has to prove the foundational facts against an accused on the basis of proof beyond

reasonable doubt. However, it must be also clarified that in a proceeding under POCSO Act, such lacuna or shortcoming which may be present in the prosecution case must not be of such a fundamental nature which goes to the root of the prosecution case. For, in such an event, because of lack of such important evidence or ingredient and existence of such fundamental lacuna, it may not be even possible to establish the charge on preponderance of probability and draw legal presumption of guilt against the accused. The legal presumption provided under Section 29 cannot be the panacea for all the loopholes of the prosecution. The lacunae or the loopholes, or the deficiency, therefore, must not be of a fundamental nature which renders any charge untenable.

66. Thus, by following the above well settled legal position, it would be correct to say that in a proceeding against an accused under the POCSO Act for committing or abetting or attempting to commit any offence under Sections 3, 5, 7 and 9 of the Act, it would suffice, if the accused is able to prove his innocence on the basis of preponderance of probability.

Yet, this principle is not absolute, in view of Section 30 of the Act, if it relates to proof relating to culpable mental state on the part of the accused,

which the court may presume. The accused, if he has to prove the absence of culpable mental state has to prove it beyond reasonable doubt and not based on preponderance of probability.

71. In the light of the discussions above, the following legal positions emerge in any proceeding under the POCSO Act.

(A) The prosecution has to prove the foundational facts of the offence charged against the accused, not based on proof beyond reasonable doubt, but on the basis of preponderance of probability.

(B) Accordingly, if the prosecution is not able to prove the foundational facts of the offence based on preponderance of probability, the presumption under Section 29 of the Act cannot be invoked against the accused.

(C) If the prosecution is successful in establishing the foundational facts and the presumption is raised against the accused, the accused can rebut the same either by discrediting the prosecution witnesses through cross-examination or by adducing his own evidence to demonstrate that the prosecution case is improbable based on the principle of preponderance of probability. However, if it relates to absence of culpable mental state, the accused has to prove the absence

of such culpable mental state beyond reasonable doubt as provided under Section 30(2) of the Act.

(D) However, because of legal presumption against the accused, it may not suffice by merely trying to discredit the evidence of the prosecution through cross-examination, and the defence may be required to adduce evidence to dismantle the legal presumption against him and prove that he is not guilty. The accused would be expected to come forward with more positive evidence to establish his innocence to negate the presumption of guilt.

આમ, નામદાર ગૌહાટી હાઈકોર્ટના ઠરાવ્યા મુજબ ફરિયાદ પક્ષે પાયાની હકીકતો સંભાવનાની પ્રબળતાના આધારે પુરવાર કરવાની રહે છે અને જો ફરિયાદપક્ષ પાયાની હકીકતો સંભાવનાની પ્રબળતાના આધારે પુરવાર કરી ના શકે તો પોકસો એકટની કલમ-૨૯ મુજબનું અનુમાન અમલમાં આવતું નથી અને જો ફરિયાદપક્ષ પાયાની હકીકતો પુરવાર કરી શકે તો પોકસો એકટની કલમ-૨૯ મુજબનું અનુમાન અમલમાં આવે છે અને આરોપી સંભાવનાની પ્રબળતાના સિદ્ધાંત આધારે ફરિયાદ પક્ષના સાહેદોની ઉલટ તપાસ કરી તેની જુબાનીને અવિશ્વસનીય બનાવી અથવા આરોપીપક્ષ પુરાવો રજૂ કરી ફરિયાદ પક્ષનો કેસ માનવાલાયક ના હોય તેવું બતાવી કલમ-૨૯ મુજબના અનુમાનનું ખંડન કરી શકે છે. જયારે કલમ-૩૦ ની જોગવાઈ મુજબ આરોપી દોષી માનસિકતા ધરાવતા ન હતા તેવું વાજબી શંકા રહીતપણે પુરવાર કરી દોષી માનસિકતા અંગેના અનુમાનનું ખંડન કરી શકે છે. તેમ છતાં, કલમ-૨૯ અન્વયેનું અનુમાન કાયદાનું અનુમાન હોય ફરિયાદ પક્ષના સાહેદોની ઉલટતપાસ કરી તેની જુબાનીને અવિશ્વસનીય બનાવવામાં આવે તેટલું

પૂરતું નથી. પરંતુ આરોપી પક્ષે કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી આ અનુમાનનું ખંડન કરી તે નિર્દોષ છે તે પુરવાર કરવાનું રહે છે.

૧૧/૫) નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના **Dhanvantrai Balwantrai Desai v. State of Maharashtra AIR 1964 SC 575** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> "12. ….........The burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S. 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. <u>The words "unless the contrary is proved" which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely plausible.</u> A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted."

નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે કાયદાની જોગવાઇઓમાં **" unless the contrary is**

**proved "** શબ્દોનું પ્રયોજન કરવામાં આવેલ હોય ત્યારે આવા અનુમાનનું ખંડન માત્ર ખુલાસાઓથી નહીં, પરંતુ પુરાવાથી જ થઇ શકે.

૧૧/૬) નામદાર ગુજરાત હાઇકોર્ટે તેમના **2019 (3) GLH 741 Laljibhai Kadabhai Algotar (Scheduled Caste) Versus State of Gujarat** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 7.5. Once the foundation of the prosecution case is laid by leading legally admissible evidence, it becomes incumbent on the accused to establish from the evidence on record that he has not committed the offence or to show from the circumstances of a particular case that a man of ordinary prudence would most probably draw an inference of innocence in his favour. The accused may achieve such an end by leading defence evidence or by discrediting prosecution witnesses through effective cross-examination or by exposing the patent absurdities or inherent infirmities in their version by an analysis of the special features of the case. However, the aforesaid statutory presumption cannot be read to mean that the prosecution version is to be treated as gospel truth in every case. The presumption does not take away the essential duty of the Court to analyze the evidence on record in the light of the special features of a particular case, e.g. patent absurdities or inherent infirmities in the prosecution version or existence of entrenched

enmity between the accused and the victim giving rise to an irresistible inference of falsehood in the prosecution case while determining whether the accused has discharged his onus and established his innocence in the given facts of a case.

(૧૨) આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં એ સ્પષ્ટ થાય છે કે, પોકસો એકટની કલમ-૨૯ મુજબનું અનુમાન ત્યારે જ અમલમાં આવે છે કે જયારે ફરિયાદ પક્ષ આરોપી સામેના તહોમતનામાની પાયાની હકીકતો સંભાવનાની પ્રબળતાના સિદ્ધાંત આધારે પુરવાર કરે અને જો પાયાની હકીકતો તે રીતે પુરવાર કરવામાં નિષ્ફળ રહે તો પોકસો એકટની કલમ-૨૯ મુજબનું અનુમાન અમલમાં આવતું નથી. જો ફરિયાદ પક્ષ પાયાની હકીકતો સંભાવનાની પ્રબળતાના આધારે પુરવાર કરવામાં સફળ રહે તો તે અનુમાનનું ખંડન આરોપી પક્ષ સંભાવનાની પ્રબળતાના સિદ્ધાંતના આધારે કરી શકે છે. આ અનુમાનનું ખંડન કરવા માટે રેકર્ડ ઉપર પુરાવો આવેલો હોવો જોઈએ એટલે કે આરોપી પક્ષ તરફથી માત્ર ખુલાસો કે સુચનો કરવામાં આવેલ હોય તો તે પુરતા નથી. પરંતુ રેકર્ડ ઉપર પુરાવો આવેલો હોવો જોઈએ. આરોપીએ રેકર્ડ ઉપરના પુરાવા પરથી એ બતાવવાનું રહે કે તે નિર્દોષ છે અથવા સામાન્ય બુદ્ધિવાળો વ્યકિત કેસના સંજોગો ઉપરથી એ અનુમાન કરી શકે કે આરોપી નિર્દોષ જણાય છે અને તે માટે આરોપીએ બચાવમાં પુરાવો રજૂ કરવો જોઈએ અથવા તો ફરિયાદ પક્ષના સાહેદોની ઉલટતપાસમાં એવો પુરાવો રેકર્ડ ઉપર લાવવો જોઈએ અથવા તો સાહેદોની જુબાનીમાં મૂળથી જ વિસંગતતા કે પહેલેથી જ ખામીઓ હોવાનું બતાવવાનું રહે છે. આ કાયદાની કલમ-૨૯ અને ૩૦ ના અનુમાનના આધારે ફરિયાદ પક્ષનો કેસ સનાતન સત્ય છે તેમ માનીને ચાલવાનું નથી.

**<u>મુદ્દા નં.૧ :-</u>**

(૧૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે સરકારી વકીલશ્રી ડી.વી.ઠાકોર તરફે દલીલ છે કે, ભોગ બનનાર બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન આપેલ છે. તેમાં જણાવેલ છે કે, આરોપી વારંવાર તેમના ઘરે આવતો અને ભોગ બનનાર સાથે શારીરિક સંબંધ બાંધતો હતો. અને કહેતો હતો કે, તમારી સાથે લગ્ન કરવું છે. એક દિવસ ભોગ બનનારની માતા આવી જતાં, તેઓએ બૂમાબૂમ કરેલ. આરોપી કિશનજીએ ભોગ બનનારને બોલવા દીધેલ નહિ અને મોઢુ દબાવી દીધેલ. તે પછી, ભોગ બનનારની માતાએ ભોગ બનનારને બધી હકીકતો પૂછી. જે ભોગ બનનારે તેમની માતાને જણાવેલ. આરોપી ભોગ બનનારને તેમના વીડિયો અને ફોટો વાયરલ કરવાની ધમકી આપતા હતા તથા સંબંધો વિશે કોઇને ના કહેવાનું જણાવતા હતા. ભોગ બનનારની માતાએ પણ આ હકીકતને મહદ્અંશે તેમની જુબાનીમાં સમર્થન આપેલ છે. અગમ્ય કારણસર ભોગ બનનાર તથા તેમના પિતાએ તે હકીકતને સમર્થન આપેલ નથી. વધુમાં, મેડિકલ હીસ્ટ્રીમાં પણ આરોપીએ શારીરિક સંબંધ બાંધેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર આવે છે. આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી તથા પી.એસ.ઓ શ્રીએ પણ ફરિયાદની હકીકતને સમર્થન આપેલ છે. તે તમામ હકીકતે આરોપીને તકસીરવાર ઠરાવવા અરજ કરેલ છે.

૧૩/૨) આ કામે આરોપી તરફે વિ.વકીલશ્રી આર.એચ.ઠકકર તરફે દલીલ કરેલ છે કે, ભોગ બનનારની માતાની જુબાની ધ્યાને લઇએ તો તેમની દીકરીએ તેમને જે જણાવેલ તે હકીકત તેમની સરતપાસમાં જણાવેલ છે. ઉલટતપાસમાં તદ્દન અલગ હકીકત જણાવેલ છે. તે જ રીતે, ભોગ બનનાર તથા તેમના પિતાએ ફરિયાદની હકીકતને સમર્થન આપેલ નથી. ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મેડિકલ હીસ્ટ્રી લખાવેલ નથી અને પોલીસ પાસે કપડાં રજૂ કરેલ નથી. જજ સાહેબ પાસે લખાવેલ નિવેદન પોલીસના કહેવા પ્રમાણે લખાવેલ છે. આરોપીએ

તેમની સાથે શારીરિક સંબંધ બાંધેલ નથી, કે ધાક ધમકી આપેલ નથી. મેડિકલ પુરાવા કોરોબોરોટિવ પુરાવા હોય છે. જયારે ડાઇરેકટ એવિડન્સ ઉપલબ્ધ ના હોય ત્યારે માત્ર કોરોબોરોટિવ પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહિ. જેથી, તે તમામ હકીકતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

૧૩/૩) બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે. હાલનો કેસ પોકસો એકટ હેઠળ નોંધવામાં આવેલ છે. પોકસો એકટની કલમ-૨૯ તથા ૩૦ માં આરોપી વિરુદ્ધ અનુમાન કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહુ અનુમાનો ત્યારે જ ઉત્પન્ન થઇ શકે, જયારે ફરિયાદપક્ષે કેસમાં ફાઉન્ડેશનલ ફેકટ પુરવાર કરેલ હોય. જો ફરિયાદપક્ષ ફાઉન્ડેશનલ ફેકટ પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો સદરહુ અનુમાનો ઉત્પન્ન થતા નથી. તેવી કાયદાકીય જોગવાઇ છે. આ કામે ફાઉન્ડેશનલ ફેકટ અંગે કેસની હકીકત ધ્યાને લઇએ તો આંક.૧૦ થી ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે જેમાં નીચે મુજબની હકીકત રજૂ કરેલ છે.

<u>**ફરિયાદ હકીકત :-**</u>

- આ કામે ફરિયાદીએ ફરિયાદ હકીકત લખાવી જણાવેલ છે કે, આ કામના ફરિયાદી જે ભોગ બનનારના માતા છે. તેઓએ ફરિયાદ હકીકતમાં જણાવેલ છે કે, તેમને ત્રણ સંતાનો છે. જે ત્રણેય સંતોનોના લગ્ન બાકી છે તેઓ બધા સંયુકત કુટુંબમાં રહે છે. તેમની ભોગ બનનાર દિકરી જે ઉ.વ.૧૫, ૦૪ મહિના, ૦૯ દિવસની છે. તેણીની જન્મ તારીખ ૦૨/૦૯/૨૦૦૯ છે. ગઇ તા.૦૫/૦૧/૨૦૨૫ ના રોજ ફરિયાદી તથા તેમના પતિ તેમજ તેમની ભોગ બનનાર દિકરી ખેતરમાં કામ કરતા હતા અને સવારના આશરે અગિયાર વાગ્યાના અરસામાં તેમની દિકરી ખેતર માંથી ચારો લઈને ખેતરમાં આવેલ તેમના ઘરે ચારો નાંખવા માટે ગયેલ હતી. ત્યારે ફરિયાદી તથા તેમના પતિ ખેતરમાં કામ કરતા હતા. આ વખતે તેમની દિકરી જલ્દી ચારાનો ભારો નાંખીને પરત આવેલ નહી.

આથી, ફરિયાદી ખેતરમાંથી ચારાનો ભારો લઈને તેમના ઘરે નાખવા ગયેલ. આ વખતે ઘરે જઇને જોયેલ તો તેમની દિકરી દેખાયેલ નહીં. આથી તેઓએ આજુ-બાજુમાં તપાસ તેમજ દિકરીના નામની બૂમાબૂમ કરેલ. પરંતુ, દિકરીની ભાળ મળેલ નહી અને આ વખતે ફરિયાદી તેમના ઘરે ગયેલ અને ઘરનો દરવાજો ખોલીને જોયેલ તો તેમના ઘરની અંદરના ભાગે તેમના ગામનો કિશનજી હરજીભાઈ ઠાકોર(આરોપી) રહે.ઇન્દરવા નવા તા.ભાભર જે તેના કપડાં કાઢીને તેમની દિકરીના ઉપર સૂતેલ હતો. આથી, તેમણે બૂમા-બૂમ કરતાં, તે તેમના ઘરેથી નાસી ગયેલ અને તેમના પતિ દોડીને ઘરે આવેલ અને તેઓને આ બાબતે વાત કરેલ. આ વખતે ફરિયાદીને તેમના પતિએ તેમની ભોગ બનનાર દિકરીની પૂછપરછ કરવા કહેતાં, ફરિયાદીએ ભોગ બનનાર દિકરીને આ બનાવ બાબતે પૂછતાં તે એકદમ ગભરાઇ ગયેલ અને રડવા લાગેલ. ત્યારે તેમણે તેને વિશ્વાસમાં લેતાં, ભોગ બનનારે જણાવેલ કે, "આ કિશન અવાર-નવાર આપણા ઘરે આવતો હોય અને આજથી છ-એક મહિના પહેલાં તમે કોઇ ઘરે હાજર ન હતા. આ વખતે કિશન આપણા ઘરે આવેલ, અને મને આપણા ઘરમાં લઈ ગયેલ, અને ત્યારે તેણે મને નીચે પાડી દીધેલ, અને મારી સાથે મારી મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધેલ હતો. ત્યારે મે તેને આવું નહીં કરવાનું કહેલ ત્યારે તેણે મારી સાથેના તેના ફોટાઓ અને વીડિયો ઉતારેલ અને તેણે મને કહેલ કે, જો તું આ વાત કોઇને કરી છે તો, હું તારા બન્ને ભાઈઓને જાનથી મારી નાખીશ, અને હું તારા આ ફોટા અને વીડિયો વોટસએપ ગૃપ વાયરલ કરી નાંખીશ. તેવી ધમકી આપેલ. જે બાબતે તેણીએ કોઇને વાત કરેલ ન હતી. ત્યારબાદ તમો જયારે ખેતરમાં કામથી કે ક્યાંય બહાર ગયેલ હોવ ત્યારે તે દર બે-ત્રણ દિવસે અવાર-નવાર આપણા ઘરે આવીને મારી સાથે મારી મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધતો હતો. હું આમ નહીં કરવા જણાવતી, તો તે મારા બન્ને ભાઈઓને મારી નાંખવાની અને મારા ફોટાઓ તથા વીડિયો સમાજમાં વોટ્સએપ ગૃપમાં વાયરલ કરી, મને બદનામ કરી નાંખશે.

તેવી ધમકી આપતો હતો. આથી હું ડરીને આ બાબતે કોઇને વાત કરેલ ન હતી. આજ-રોજ તમે ખેતરમાં ચારો લેતા હતા અને હું આપણા ઘરે ચારો નાખવા માટે આવેલ આ વખતે આ કિશન આપણા ઘરે આવેલ અને મને પકડીને આપણા ઘરમાં લઇ આવેલ હતો. ત્યારે મે બૂમાબૂમ કરવા જતાં, તેણે મારૂ મોઢુ દબાવી રાખેલ, અને મને મારા ફોટાઓ વાયરલ કરી નાખવા માટે ધમકી આપેલ. અને મારી સાથે જબરજસ્તીથી, મારી મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધેલ." તેવી હકીકત ફરિયાદીને તેમની ભોગ બનનાર દિકરીએ વાત કરેલ. આથી, આ બાબતે તેમણે તેમના પતિને વાત કરેલ અને અમારી સમાજમાં બદનામી ના થાય તે માટે તેમના પતિએ આ કિશન(આરોપી) ના માતા-પિતાને આ બાબતે વાત કરી તેમના દિકરાને સમજાવવા જણાવેલ. આથી, આ કિશનના માતા-પિતાએ તેમને કહેલ કે, 'અમારો દિકરો કિશન અમારા કહેવામાં નથી ' તેવુ જણાવેલ. આથી, તેઓએ આ બાબતે તેમના સમાજના આગેવાનો ને વાતચીત કરતાં, સમાજના આગેવાનો તેમના ઘરે આવેલ. અને આ બાબતે તેઓને સમાધાનની વાતચીત કરેલ અને તેઓને સમાધાન કરવા આજ-દીન સુધી કહેલ. પરંતુ, તેમના પતિએ આ બાબતે સમાધાન કરવાની ના કહેતાં ફરિયાદી, તેમના પતિ, xxxx ઠાકોર તથા તેમના નણંદ xxx ઠાકોર તથા xxxx અન્ય સાથે ભાભર પોલીસ સ્ટેશન સમક્ષ આરોપી કિશનજી હરજીભાઈ જાતે ઠાકોર રહે.ઇન્દરવા નવા તા.ભાભર વાળો જે ફરિયાદી ની દીકરી ઉ.વ.૧૫ ૦૪ માસ, ૦૯ દિવસની જે સગીરવયની હોવાનું જાણતો હોવા છતાં, તેમની દીકરીને તેમના દિકરાઓને જાનથી મારી નાખવાની ધમકી તથા તેના ફોટાઓ તથા વીડિયો વોટસએપ ગૃપમાં વાયરલ કરી નાખવાની ધમકી આપી, તેની સાથે તેની મરજી વિરુદ્ધ જબરદસ્તીથી અવાર-નવાર શરીર સંબંધ બાંધેલ હોય ફરિયાદીએ હાલની ફરિયાદ આપેલ છે.

(૧૪) **<u>ફરિયાદપક્ષે નીચે મુજબના મૌખિક પુરાવા રજૂ થયેલ છે.</u>**

૧૪/૧) ફરિયાદપક્ષે આંક.૦૯ થી ફરિયાદીને તપાસેલ છે. જે ભોગ બનનારના માતા છે. તેઓએ સોગંદ ઉપર તેમની સરતપાસ (આંક.૯) માં જણાવેલ છે કે, આરોપી કિશનજી હરજીજી તેમના ગામના છે. બનાવ છ માસ પહેલાં બનેલ. તેઓએ બનાવ વખતે ખેતરમાં ચાર લેવા ગયેલી. અને ખેતરથી ઘરે આવેલ ત્યારે તેમની ભોગ બનનાર દીકરીની શોધખોળ કરેલ. પરંતુ તેમની દીકરી દેખાઇ નહિ. તેઓએ બૂમો પાડેલી. ત્યારે કિશન ભાગી ગયેલો અને ભાગીને તેના ઘરે જતો રહેલો. તેઓએ તેમની દીકરી ભોગ બનનારને બનાવ અંગે પૂછેલ. જે અંગે ભોગ બનનારે જણાવેલ. તે પછી, કિશનના ઘરે આ સાહેદના પતિ ગયેલા. કિશનના બાપાએ આ સાહેદના પતિને કીધેલ કે, તેમના દીકરા તેમના કહ્યામાં નથી. જેથી, તેઓએ ફરિયાદ કરેલ. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેમની દીકરીએ તેમને તથા તેમના પતિને જણાવેલ કે, આરોપીએ શારીરિક સંબંધ બાંધ્યા હતા.

- આ સાહેદની ઉલટતપાસ કરવામાં અવેલ છે ત્યારે તેઓએ અલગ હકીકત જણાવેલ છે. તેઓએ જણાવેલ છે કે, તેમની દીકરી તેમના ઘરે દેખાયેલ નહિ. જેથી, તેમને ધ્રાસકો પડેલ અને આરોપી ઉપર વહેમ પડેલ. જેથી તેમને લાગેલ કે, આરોપીએ તેમને લઇ ગયેલ છે, થોડાક દિવસ પછી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ. જે ફરિયાદ સંબંધીઓના અનુમાન અને વહેમના કારણે લખાવેલ. તેમની દીકરીને જજ સાહેબ પાસે લઇ જવામાં આવેલ અને પોલીસે તેમને જવાબ તે રીતે અપાવેલ. તેમની દીકરીને તેઓએ ઠપકો આપેલ. જેથી, તેમની દીકરી તેમના મામાના ઘરે જતી રહેલ. સરતપાસમાં જણાવેલ હકીકતો અનુમાનો આધારે લખાવેલ છે. તેમની દીકરી સાથે કોઇ ખોટુ કૃત્ય કરેલ હોય તેવું તેમની દીકરીએ જણાવેલ નથી.

- જેથી, ફરિયાદીની ફરિયાદમાં જણાવેલ હકીકતોથી તદ્દન અલગ હકીકતો ઉલટતપાસમાં આવે છે. આરોપીએ તેમની દીકરી સાથે

શારીરિક સંબંધ બાંધેલ હોય, તેવી હકીકતો આ સાહેદની જુબાનીથી પુરવાર થતી નથી.

૧૪/૨ ) આ કામે આંક.૧૨ થી ભોગ બનનારને તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેમની મમ્મી સાથે તેમને ઝગડો થયેલ. જેથી, તેઓ તેમના મામાના ઘરે જતી રહેલ. તેમના માતા-પિતાએ તેમની શોધખોળ કરેલી. તે પછી, તેમની મમ્મીએ ફરિયાદ કરેલ. તેઓએ આરોપીને ઓળખે છે. આરોપી કોઇ લગ્નની વાતો કરતા ન હતા, તેમની સાથે મોબાઇલ ઉપર વાતો કરતા ન હતા. ભોગ બનનાર એકલી હોય ત્યારે તેમની સાથે જબરજસ્તી કરેલ નથી. આરોપીએ કોઇ વીડિયો ઉતારેલ નથી કે કોઇ ધમકી આપેલ નથી. ભોગ બનનારને દવાખાને લઇ જવામાં આવેલ નથી. તેઓએ પોલીસ સ્ટેશનમાં કપડાં રજૂ કરેલ નથી. જજ સાહેબ પાસે પોલીસના કહેવા પ્રમાણે લખાણ લખાવેલ. આ સાહેદે આંક.૧૩ થી બી.એન.એસ.એસ. એકટની કલમ ૧૮૩ મુજબનું નિવેદન આપેલ છે. આ સાહેદે ફરિયાદ પક્ષને મદદરૂપ જુબાની આપેલ ના હોય, જેથી, તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો સરકારી વકીલશ્રી દ્વારા પૂછવામાં આવેલ છે. તેમ છતાં, આ સાહેદે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી.

- ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, બનાવ વખતે તેમની ઉંમર ૧૯ વર્ષની હતી. તેમને પાછળ થી ખબર પડેલ કે તેમની મમ્મીએ શકના આધારે ફરિયાદ નોંધાવેલ છે.

- જેથી, આ સાહેદ જે સદર બનાવનો ભોગ બનનાર છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપીએ તેમની સાથે કોઇ ખરાબ કામ કરેલ નથી કે કોઇ ધમકી આપેલ નથી. જેથી, ફરિયાદ પક્ષનો કેસ આ સાહેદે પુરવાર કરેલ નથી. બી.એન.એસ.એસ. એકટની કલમ-૧૮૩ મુજબનું નિવેદન પોલીસના કહેવા પ્રમાણે તેઓએ લખાવેલ છે તેવું તેઓએ જણાવેલ છે. જેથી, કોર્ટમાં આપેલ જુબાની, જેમાં ઉલટની તક

મળેલ હોય તે પુરાવા વધારે મહત્ત્વના હોય અને બી.એન.એસ.એસ. એકટની કલમ ૧૮૩ મુજબનું નિવેદન તેનાથી વિરોધાભાષી હકીકત રેકર્ડ ઉપર આવતી હોય, જેથી, બી.એન.એસ.એસ. એકટની કલમ-૧૮૩ મુજબનું નિવેદન ધ્યાને લઇ શકાય નહિ.

૧૪/૩ ) આ કામે આંક.૧૪ થી ભોગ બનનારના પિતાને તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ પણ તેમની જુબાનીમાં ફરિયાદની હકીકતથી અલગ હકીકત જણાવેલ છે. તેઓએ જણાવેલ છે કે, બનાવ અંગે તેમની પત્નીએ તેમને જણાવેલ. તેમની દીકરી સાથે આરોપીએ છેડ-છાડ કરેલી. તેઓએ જણાવેલ છે કે, આરોપી ખરાબ કામ કરવા આવતો હતો. તેમના શબ્દોમાં તેઓએ જણાવેલ છે કે,બચ્ચા પેદા કરવા આવતો હતો. તે સિવાય તેઓએ બીજું કંઇ  કરેલ નથી. આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો સરકારી વકીલશ્રી દ્વારા પૂછવામાં આવેલ છે. તેમ છતાં, આ સાહેદે  ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, બનાવ વખતે તેમની દીકરીની ઉંમર ૨૦ વર્ષની હતી. તે વખતે તેમની દીકરી તેમના સાસરે ગયેલી હતી. તેમની દીકરી સામાન્ય બોલા-ચાલીના લીધે નારાજ થઇને સાસરે જતી રહેલી. આરોપીને ગામના હોવાના કારણે ઓળખે છે.

જેથી, આ સાહેદને તેમની પત્નીએ કહેલ વાત તેઓએ જણાવેલ છે. તેમની પત્નીએ આંક.૦૯ ની જુબાનીમાં આરોપીએ છેડ-છાડ કરેલ હોય કે, તેમની દીકરી સાથે ખરાબ કામ કરેલ હોય, તેવું પુરવાર કરેલ નથી. વધુમાં, સામાન્ય બોલાચાલીના કારણે તેમની દીકરી તેમના પતિના સાસરે જતી રહેલ તેવુ ઉલટતપાસમાં જણાવેલ છે. જેથી, આ સાહેદની જુબાનીથી પણ રેકર્ડ ઉપર આવેલ નથી કે આરોપી એ ભોગ બનનાર સાથે ખોટુ કૃત્ય કરેલ છે અથવા ધમકી આપેલ છે.

૧૪/૪ આ કામે મેડિકલ પુરાવા અંગે ધ્યાને લઇએ તો, મેડિકલ પુરાવો એ કોરોબોરોટિવ એવિડન્સ હોય છે અને માત્ર કોરોબોરોટિવ એવિડન્સ ઉપર આધાર રાખીને આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહિ. તેવુ નામદાર ઉપરી અદાલતે તેમના ઘણા-બધા ચુકાદાઓમાં સિદ્ધાંત પ્રતિપાદિત કરેલ છે.

- વધુમાં, ડોકટર પ્રમોદકુમાર હરીરામ પંડયા નાએ આ કામે આંક.૧૫ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. આ સાહેદે આરોપીનું મેડિકલ પરીક્ષણ કરેલ છે. આ સાહેદ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૨૨/૦૧/૨૦૨૫ ના રોજ તેઓએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેફિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આરોપીને તેમની પાસે લાવવામાં આવેલ. આરોપીએ મેડિકલ હીસ્ટ્રીમાં જણાવેલ છે કે, તેઓએ ભોગ બનનાર સાથે શારીરિક સંબંધ બાંધેલ છે. આરોપીના શરીર ઉપર ઇજાના નિશાન જોવા મળેલ નહિ. આ સાહેદે આંક.૧૬ વાળું મેડિકલ સર્ટિફિકેટ પુરવાર કરેલ છે.

- આ સાહેદની ઉલટતપાસ આરોપીના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીના શરીર ઉપર શારીરિક સંબધ કરેલ હોવા અંગેનુ ચિહ્ન જોવા મળેલ નહિ.

૧૪/૫) આ કામે આંક.૧૭ થી ડો.વિકાસ જયેશભાઇ મિસ્ત્રીને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૧૨/૦૧/૨૦૨૫ ના રોજ તેઓએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ભાભર ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજવતા હતા. ત્યારે ભોગ બનનારને તેમની પાસે લાવવામાં આવેલ. તેઓએ તેમની મેડિકલ હીસ્ટ્રીમાં જણાવેલ કે તા.૦૫/૦૧/૨૦૨૫ ના રોજ આરોપીએ તેમને પકડી તેમના ઘરે લાવેલા અને ફોટા વાયરલ કરવાની ધમકી આપી, તેમની સાથે શારીરિક સંબંધ બાંધેલ. તેમના શરીર ઉપર કોઇ ઇજાનું નિશાન જણાઇ આવેલ નથી. તેમના કપડાં

ઉપર કોઇ ડાઘા મળી આવેલ નથી. આ સાહેદે આંક.૧૮ વાળું મેડિકલ સર્ટિફિકેટ પુરવાર કરેલ છે.

ઉલટતપાસમાં આ સાહેદે જણાવેલ છે કે, ભોગ બનનારના શરીર ઉપર ઇજાના કોઇ નિશાન જોવા મળેલ નહિ. સંભોગ થયેલ હોવા અંગે અભિપ્રાય ગાયનેક ડોકટર આપી શકે. આ સાહેદ ના આપી શકે.

૧૪/૬) આ કામે આંક.૧૯ થી ડો.અલકા ઉમેશ ઝવેરીને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૫/૦૧/૨૦૨૫ ના રોજ તેઓએ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતી હતી, ત્યારે ભોગ બનનારને તેમની પાસે લાવવામાં આવેલ. તેમને ગાયનેકોલોજિસ્ટ ડોકટર ગીની બહેનને બતાવવામાં આવેલ. તેમના ગુપ્ત ભાગે કોઇપણ જાતનું ડીસ્ચાર્ઝ કે લોહી જોવા મળેલ નહિ. તેમના શરીર ઉપર કોઇ ઇજાનું નિશાન જોવા મળેલ નહિ. તેમના દાંત નીચે તથા ઉપરના ભાગે સાત-સાત હતા. રેડિયોલોજિસ્ટના જણાવ્યા પ્રમાણે તેમની ઉંમર ૧૫ થી ૧૬ વર્ષ હશે. આ સાહેદે આંક.૨૧ વાળું મેડિકલ સર્ટિફિકેટ પુરવાર કરેલ છે.

\- ઉલટતપાસમાં આ સાહેદે જણાવેલ છે કે, ભોગ બનનારના શરીરે ઇજાના કોઇ નિશાન જોવા મળેલ નહિ. સગીર વયની સ્ત્રી સાઇકલીંગ કરે અથવા કસરત કરે તો હાઇમેન તૂટી શકે.

૧૪/૭) ઉપરોકત મેડિકલ પુરાવા ધ્યાને લઇએ તો ભોગ બનનાર તથા આરોપીએ આપેલ હીસ્ટ્રી સિવાય અન્ય કોઇ મેડિકલ પુરાવા આરોપી વિરુદ્ધ રેકર્ડ ઉપર આવેલ નથી. ભોગ બનનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ મેડિકલ હીસ્ટ્રી લખાવેલ નથી. જેથી, મેડિકલ હીસ્ટ્રીમં લખાયેલ હકીકત સાચી હોય તે અંગે શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં, આરોપીએ મેડિકલ હીસ્ટ્રી લખાવતી વખતે પોલીસ કસ્ટડીમાં હોય, જેથી તેમના દ્વારા આપવામાં આવેલ મેડિકલ હીસ્ટ્રી ઉપર આધાર રાખી શકાય નહિ. જેથી, મેડિકલ પુરાવામાં આરોપી વિરુદ્ધ કોઇ

હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી, મેડિકલ પુરાવાથી કેસ પુરવાર થઇ શકેલ નથી.

૧૪/૮) આ કામે અન્ય પુરાવા ધ્યાને લઇએ તો બનાવવાળી જગ્યાનું પંચનામુ આંક.૨૩ થી રજૂ કરવામાં આવેલ છે. સદરહુ પંચનામાના પંચસાહેદ મહેશભાઇ નારણભાઇ પરમાર નાઓએ આંક.૨૨ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે તેમને તા.૧૨/૦૧/૨૦૨૫ ના રોજ બનાવવાળી જગ્યાએ બોલાવેલ. ત્યાં એક ઓરડી તેમજ ઢાળિયું હતું. પૂર્વ દિશાએ ઓશરી આવેલ હતી. તેઓએ આંક.૨૩ વાળા પંચનામાની હકીકત પુરવાર કરેલ છે. સદરહુ પંચ ભોગ બનનારના કપડાં રજૂ કરવા સંદર્ભેના પંચનામાના પણ પંચ છે. જે આ કામે આંક.૨૪ થી રજૂ છે તેના પણ પંચ છે. આ સાહેદ સદરહુ પંચનામાની હકીકતને પણ સમર્થન આપે છે. તેઓએ જણાવેલ છે કે, તેમને પોલીસ સ્ટેશન ભાભર ખાતે બોલાવવામાં આવેલ ત્યારે ભોગ બનનાર ત્યાં હાજર હતી. એક મહિલા કોન્સ્ટેબલ હતી. તેમના કપડાં ચેન્જ કરાવી આ સાહેદ સમક્ષ રજૂ કરેલ. જે એક પંજાબી ડ્રેસ તેમજ જાંગિયો અને પાયજામો હતો. આ સાહેદ સદરહુ કપડાં માંથી નીકળેલ પંચસ્લીપો જે આ કામે આંક.૨૫ થી ૨૭ સુધી રજૂ છે. તેમાં તેમની સહી ઓળખી બતાવે છે.

\- ઉલટતપાસમાં આ સાહેદે જણાવેલ છે કે, પંચનામા વાળી જગ્યાએ તેઓ ૫ -૬ વાગ્યે ગયેલ. આજુબાજુના ખેતર વાળાની કોઇ ખરાઇ કરેલ નથી.

જેથી, આ સાહેદ આંક.૨૩ તથા ૨૪ વાળા પંચનામા પુરવાર કરેલ છે. પરંતુ, આંક.૨૩ વાળું પંચનામુ વંચાણે લઇએ તો, તેમાં લખેલ છે કે બનાવવાળી જગ્યાએ કોઇ વીર્ય કે અન્ય ડાઘા જણાયેલ નથી. તેમજ સદર રૂમમાં કોઇ નોંધપાત્ર નિશાનો જણાઇ આવેલ નથી તથા કોઇ ગુનાહિત ચીજવસ્તુ મળી આવેલ નથી. તે જ રીતે, આંક.૨૪ વાળા

પંચનામામાં લખેલ છે કે, સદરહુ કપડાંમાં કોઇ નોંધપાત્ર નિશાનો મળી આવેલ નથી. જેથી પંચનામા પુરવાર થયેલ હોય, પંરતુ પંચનામામાં આરોપી વિરુદ્ધ પુરાવો મળી આવેલ ના હોય, જેથી પંચનામાની હકીકત આરોપી વિરુદ્ધ રેકર્ડ ઉપર આવેલ નથી.

૧૪/૯) આ કામે આંક.૨૯ થી આરોપીના શરીરસ્થિતિના પંચનામા રજૂ કરવામાં આવેલ છે. જેના પંચશ્રી ભરતભાઇ ખેમાભાઇ દેસાઇને આ કામે આંર.૨૮ થી તપાસવામાં આવેલ છે. સદરહુ પંચે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૨/૦૧/૨૦૨૫ ના રોજ પોલીસે તેમને ભાભર પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. ત્યાં આરોપી હાજર હતા. જેઓએ લીલા કલરનું શર્ટ, અને લીલા લાઇટ કલરનું પેન્ટ પહેરેલ હતું. જે કપડાં બદલાવી આ સાહેદ રૂબરૂ રજૂ કરવામાં આવેલ. આ સાહેદે બંને કપડાં કોર્ટમાં ઓળખી બતાવેલ છે તથા બંને કપડાં માંથી નીકળેલ પંચસ્લીપ આ કામે આંક.૩૦ તથા ૩૧ થી રજૂ છે તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે જણાવેલ છે કે, પંચનામા કરવા માટે તેમને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવેલ. પંચનામા કરવા ગયા ત્યારે કપડાં પેન્ટ પડેલ હતા. જે કપડાં તેમને બતાવવામાં આવેલ અને પોલીસે કબજે લીધેલા. તેમની રૂબરૂમાં આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરેલ નથી.

\- આ સહેદ પણ આંક.૨૯ વાળા પંચનામાની હકીકત પુરવાર કરે છે. પરંતુ સદરહુ પંચનામા વંચાણે લેતાં સદરહુ પંચનામામાં જણાવેલ કપડાં માંથી કોઇ નોંધપાત્ર નિશાન જણાઇ આવેલ નથી. જેથી, સદરહુ પંચનામા પુરવાર થવાથી પણ આરોપી વિરુદ્ધ પુરાવો મળી આવેલ નથી.

૧૪/૧૦) આ કામે આંક.૩૨ થી ઇન્દરવા પ્રા.શાળાના આચાર્ય પ્રકાશભાઇ નટવરભાઇ પરમારને તપાસવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે, તેઓએ તા.૦૫/૦૭/૨૦૧૦ થી સદરહુ શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે ભોગ બનનાર તેમની શાળામાં તા.૧૬/૦૬/૨૦૧૫ ના રોજ

દાખલ થયેલ. ભોગ બનનારની જન્મ તા.૦૨/૦૯/૨૦૦૯ છે. ભોગ બનનારે ધોરણ-૮ સુધી તેમની શાળામાં અભ્યાસ કર્યા પછી, સ્કૂલમાંથી એલ.સી. તા.૧૧/૦૩/૨૦૨૩ ના રોજ તેમના વાલીને આપવામાં આવેલ. વધુમાં, આ સાહેદે જન્મ તારીખનો દાખલો આંક.૩૩ થી તથા જનરલ રજીસ્ટરના ઉતારા આંક.૩૪ થી રજૂ કરેલ છે. જેમાં ભોગ બનનારની જન્મ તા.૦૨/૦૯/૨૦૦૯ લખેલ છે.

- ઉલટતપાસમાં આ સાહેદે જણાવેલ છે કે, સ્કૂલમાં એડમિશન આપતી વખતે જન્મનું પ્રમાણપત્ર જેમ કે આધારકાર્ડ લેવામાં આવે છે. ભોગ બનનારના પરિવાર દ્વારા એડમિશન વખતે જન્મ બાબતે કોઇ દસ્તાવેજ રજૂ કરવામાં આવેલ હોય તેનું પ્રમાણપત્ર આ સાહેદ પાસે નથી.

૧૪/૧૧) આ કામે આંક.૩૫ થી પી.એસ.ઓ રાયમલભાઇ મોટાભાઇ પટેલને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને.૨૦૨૫ ની સાલમાં તેઓ ભાભર પો.સ્ટે.માં હે.કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન તા.૧૧/૦૧/૨૦૨૫ના રોજ ફરિયાદીએ પી.આઇ. એન.કે.વીંઝુડા ભાભર પો.સ્ટે. રુબરુની ફરિયાદ આવતાં, ફરિયાદ ભાભર પો.સ્ટે.ના ગુ.ર.નં.૦૧૯/૨૦૨૫ બી.એન.એસ.એકટની કલમ.૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૧(૩), તથા પોકસો એકટની કલમ ૪, ૬ મુજબનો ગુનો રજીસ્ટરે લઈ સ્ટેશન ડાયરીમાં નોંધ કરી, ગુનાના સાધનિક કાગળો સાથે તપાસ પ્રથમ પો.ઇન્સ.એન.કે.વીંઝુડા તરફ મોકલી આપેલ જે ગુનાનુ સૂચિપત્રક તેઓએ તૈયાર કરેલ. જેમાં તેમની સહી ઓળખેલ છે. જે સૂચિપત્રક આ કામે આંક.૩૬ થી રજૂ છે. આ ફરિયાદ ગુનો રજીસ્ટર લેવા અંગેનો રીપોર્ટ તેઓ સંબંધીને કરેલો જેમાં પો.ઇન્સ. એન.કે.વીંઝુડાની સહી તેઓએ ઓળખેલ છે. જે આ કામે આંક.૩૭, થી રજૂ છે.

- તેમની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેમની પાસે એક લખેલી તૈયાર ફરિયાદ આવેલી. જેથી તેઓએ એફ.આઇ.આર. રજીસ્ટરે નોંધ કરેલ. ફરિયાદીએ તેમની રૂબરૂ ફરિયાદ લખાવેલ નથી.

- આ સાહેદની જુબાની ધ્યાને લેતાં તેઓએ તૈયાર ફરિયાદ આધારે માત્ર એફ.આઇ.આર. રજીસ્ટર કરેલ. તે સિવાય અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી. જેથી, આ સાહેદના પુરાવા મહત્ત્વના નથી.

૧૪/૧૨ ) આ કામે આંક.૩૮ થી તપાસ કરનાર અધિકારીશ્રી નરેશ કાળુભાઇ વિંઝુડાને તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને.૨૦૨૫ ની સાલમાં તેઓ ભાભર પો.સ્ટે.માં પી.આઇ તરીકે ફરજ પર હતા તે દરમિયાન તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ ફરિયાદી રુબરુની ફરિયાદ આવતાં, ફરિયાદીના લખાવ્યા મુજબ ફરિયાદ લખી, ફરિયાદીનો અંગુઠો લઇ તેમની સહી કરી ભાભર પો.સ્ટે.ના ગુ.ર. નં.૦૧૯/૨૦૨૫ બી.એન.એસ.એકટની કલમ.૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ ૪, ૬ મુજબનો ગુનો રજીસ્ટરે લઈ સ્ટેશન ડાયરીમાં નોંધ કરી, ગુનાના સાધનિક કાગળો સાથે તપાસ તેઓને સોંપેલ. તેઓની તપાસના કામે આંક.૨૩ થી રજૂ ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક.૨૪ થી રજૂ ભોગ બનનારની શરીર સ્થિતિનું પંચનામુ, આંક.૨૯ થી રજૂ આરોપીની શરીર સ્થિતિનું પંચનામુ, આંક.૧૮ થી રજૂ ભોગ બનનારનું મેડિકલ સર્ટિફિકેટ, આંક.૨૦ થી રીફર ચીટ, આંક.૨૧ થી રજૂ ભોગ બનનારનું રેડિયોલોઝી સર્ટિફિકેટ, આંક.૧૬ થી રજૂ આરોપીનું મેડિકલ સર્ટિફિકેટ, આંક.૩૩ થી રજૂ એલ.સી., આંક.૩૪ થી રજૂ જી.આર.નો ઉતારો, તથા આંક.૧૦ થી ફરિયાદ આંક.૧૩ થી ભોગ બનનારનું બી.નએન.એસ.એકટની કલમ ૧૮૩ મુજબનું નિવેદન તથા આંક.૩૬ થી સૂચિપત્રક તથા આંક.૩૭ થી ગુનો રજીસ્ટર કરવાનો પત્ર રજૂ રાખેલ છે. આ સાહેદે આંક.૩૯ થી રજૂ ભોગ બનનારના બી.એન.એસ.એસ. એકટની કલમ.૧૮૩ મુજબનું નિવેદન લેવા યાદી

કરેલ, આંક.૪૦ થી રજૂ એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ નીરિક્ષણ અહેવાલ રજૂ રાખેલ છે તથા આંક.૪૧ થી રજૂ રવાનગી નોંધ, આંક.૪૨ થી રજૂ મુદ્દામાલ મળ્યા પાવતી ઓળખેલ છે. વધુમાં આંક.૪૩ થી રજૂ એફ.એસ.એલ. કચેરીમાં મુદ્દામાલ મોકલ્યા અંગેની પાવતી, આંક.૪૪ થી રજૂ એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ રાખેલ છે. વધુમાં આ સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમની તપાસના કામે ભોગ બનનાર તથા તેણીના પિતાનું નિવેદન લખેલ છે. જે તેમની સરતપાસમાં તેઓએ જણાવેલ છે. તેમાં તેઓએ આરોપી વિરુદ્ધ પુરાવો આપેલ છે. વધુમાં, તેઓએ સાહેદોના લખાવ્યા મુજબ નિવેદનો લખેલા. પંચોના લખાવ્યા મુજબ પંચનામા લખેલા, આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો પડતો હોઈ તેઓએ ચાર્જશીટ કરેલ છે. આ સાહેદ તેઓએ કરેલ તપાસને સમર્થન આપેલ છે.

- આ સાહેદની ઉલટતપાસમાં કોઇ મહત્ત્વના વિરોધાભાષ રેકર્ડ ઉપર આવેલ નથી.

- આ સાહેદની જુબાની અન્ય સાહેદોની જુબાની ઉપર આધાર રાખે છે. અન્ય સાહેદોની જુબાનીથી આરોપી વિરુદ્ધ પુરાવા મળી આવેલ નથી. જેથી આ સાહેદની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી.

<u>**ઉપરોકત પુરાવાઓનું સમગ્રલક્ષી મૂલ્યાંકન :-**</u>

૧૫) ઉપરોકત તમામ પુરાવાનું તુલનાત્મક મૂલ્યાંકન કરતાં ફરિયાદીએ સરતપાસમાં મહદ્અંશે ફરિયાદની હકીકતને સમર્થન કરેલ છે. પરંતુ ઉલટતપાસમાં તદ્દન વિપરીત હકીકત જણાવેલ છે. સરતપાસની હકીકત ધ્યાને લેતાં, તેમાં પણ ભોગ બનનારે તેમને જે હકીકત જણાવેલ તેના આધારે તેઓએ સરતપાસમાં જણાવેલ છે. વધુમાં, તે જાતે ભોગ બનનાર સાથે આરોપીએ દુષ્કર્મ કરતા હોય અને ફરિયાદીએ જોયેલ હોય તેવી હકીકત સરતપાસમાં જણાવેલ નથી. જેથી, ફરિયાદીની જુબાનીથી આરોપીએ ગુનો કરેલ હોય તેવું પુરવાર થતું નથી. ભોગ

બનનાર તથા તેમના પિતા તેમની જુબાનીમાં જણાવે છે કે, ભોગ બનનારને તેમની માતાના સાથે ઝગડો થતાં, ભોગ બનનાર તેમના પિતાના સાસરે જતી રહેલ. આરોપીએ ભોગ બનનારને ધમકી આપેલ નથી કે, તેમની સાથે દુષ્કર્મ કરેલ નથી. મેડિકલ હીસ્ટ્રીમાં જણાવેલ હકીકત પુરવાર થઇ શકેલ નથી. મેડિકલ પુરાવા પણ આરોપી વિરુદ્ધ આવેલ નથી. આંક.૪૪ વાળા એફ.એસ.એલ. રીપોર્ટ વંચાણે લેતાં તેમાં પણ, આરોપી વિરુદ્ધ પુરાવા મળી આવેલ નથી. પંચનામા આ કામે પુરવાર થયેલ છે. પણ પંચનામામાં આરોપી વિરુદ્ધ કોઇ નોંધપાત્ર વસ્તુ મળી આવેલ નથી. તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાની અન્ય સાહેદોના પુરાવા ઉપર આધાર રાખતી હોય અને અન્ય સાહેદોના પુરાવા આરોપી વિરુદ્ધ આવેલ નથી, જેથી, માત્ર ત.ક.અધિકારીશ્રીની જુબાની ઉપર આધાર રાખી આરોપી વિરુદ્ધ કેસ પુરવાર થયેલ હોય તેવું માની શકાય નહિ.

- વધુમાં, હાલનો કેસ પોકસો એકટનો કેસ છે. આ કામે પોકસો એકટની કલમ- ૨૯ તથા ૩૦ મુજબ કેસમાં ફાઉન્ડેશનલ ફેકટ પુરવાર થયેલ હોય તો આરોપી વિરુદ્ધ અનુમાન ઉત્પન્ન થાય તેમ છે. પરંતુ હાલના કામે ફરિયાદ પક્ષ ફાઉન્ડેશનલ ફેકટ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી, પોકસો એકટની કલમ ૨૯ તથા ૩૦ માં જણાવેલ અનુમાન ઉત્પન્ન થતું નથી. આ કામે ફરિયાદ પક્ષે ડાઇરેકટ/સાંયોગિક અથવા કોરોબોરોટિવ પુરાવાથી ફાઉન્ડેશનલ ફેકટ પુરવાર કરી શકેલ નથી. જેથી, સદરહુ અનુમાનો આ કામે ઉત્પન્ન થયેલ નથી. જેથી, માનવામાં આવે છે કે, ફરિયાદપક્ષ તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

- **વધુમાં, જયારે મુખ્ય પુરાવા બળાત્કાર સંદર્ભે રેકર્ડ ઉપર આવેલ ના હોય ત્યારે ભોગ બનનારની ઉમર બાબતે ચર્ચા કરવી યોગ્ય જણાતી નથી. જેથી, તે સંદર્ભે આ કામે કોઈ નિર્ણય કરવામાં આવતો નથી.**

(૧૬) ઉપરોકત કાયદાકીય જોગવાઇ તથા રજૂ પુરવા ધ્યાને લેતાં માનવામાં આવે છે કે, ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આ કામના આરોપીએ તા.૦૫/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧.૦૦ વાગ્યાના અરસામાં ફરિયાદીની ભોગ બનનાર દીકરી જે સગીર વયની હોવા છતાં, ભોગ બનનારની સાથે લગ્ન કરવાના ઇરાદે ભોગ બનનારને લલચાવી, ફોસલાવી, ડરાવી-ધમકાવી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, ભોગ બનનારની સાથે તેણીની મરજી વિરુદ્ધ અવાર-નવાર શારીરિક સંબંધ બાંધી (બળાત્કાર) કરી બી.એન.એસ. એકટની કલમ-૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ -૪, ૬ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો આ અદાલતની હકૂમતમાં કરેલ છે. જેથી, મુદ્દા નં.૧ નો ઉત્તર 'નકાર' માં આપવામાં આવે છે.

(૧૭) <u>મુદ્દા નં.૨</u>

ઉપરોકત કરેલ ચર્ચા મુજબ મુદ્દા નં.૨ નો ઉત્તર નીચે મુજબ આપવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

(૧) **બી.એન.એસ.એકટ કલમ ૨૭૧(૧) અન્વયે** આ કામના આરોપી કિશનભાઇ હરજીભાઈ રાઠોડ (ઠાકોર), રહે.ઇન્દરવા નવા, તા.ભાભર, જી.બનાસકાંઠા. નાઓને બી.એન.એસ. એકટની કલમ-૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ-૪, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવતા હોઈ, આ હુકમ સામે નામદાર અપીલ અદાલતમાં અપીલ થાય, તો અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે **બી.એન.એસ.એકટની કલમ ૪૮૧(૧)** ની જોગવાઈ અન્વયે આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (રૂપિયા પંદર હજાર પુરા)

ના જાત જામીન તથા તેટલી જ રકમના સદ્ધર સ્થાવર મિલકત ધરાવતા, ૬(છ) માસની મુદતના સમયગાળા માટેના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર ગુનાના કામે કબજે કરેલ મુ.પાવતી મુજબનો મુદ્દામાલ કપડાં જે બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવો.

આ હુકમ આજ રોજ તા.૦૯/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

મુ.દિયોદર
તા.૦૯/૦૬/૨૦૨૬

**(રંજન ધ્રુવકુમાર પાંડે)**
ચોથા એડીશનલ સેશન્સ જજ &
સ્પેશ્યલ(પોકસો)જજ,
બનાસકાંઠા,મુ.દિયોદર
(જીજે.૦૦૮૧૩)

(S.H.Patel) P.P.S